ક્રમાંક/એમવીપી/ટેક્ષ/મુદત/ઓન/ ૧૫૪૨
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬
બીજે-ત્રીજે માળ, જુના સચિવાલય,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખ ૩૧-૩-૨૦૧૦.

પ્ર તિ,
તમા સહાયક/ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓ.

વિષય:-મોટર વાહન વેરો ભરવાની મુદત વધારવા બાબત.
સંદર્ભ:-બંદરો અને વા.વ્ય.વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક-પીટી-૧૨-૨૦૧૦-એમટીએ-૧૦૨૦૧૦-૪૦૬-ખ,તા.૨૬-૩-૨૦૧૦.

શ્રીમાન,

ઉપરોકત વિષયે અને સંદર્ભે જણાવવાનું કે, લમસમ ટેક્ષ ભરપાઈ કરતાં હોય તે સિવાયના વાહનો એટલે કે, રીકરીંગ ટેક્ષ ભરતા પ્રથમ અનુસૂચિમાં સમાવિષ્ઠ વાહનો જેવા કે ગુડઝ વાહનો, કોન્ટ્રાકટ કેરેજમાં ફરતી ઓમ્ની બસો તથા બાંધકામ માટે વપરાતા કન્સ્ટ્રકશન વાહનો વગેરેનો કર માસની સાતમી તારીખ સુધીમાં ભરપાઈ કરવાનો થાય છે.

પરંતુ ટ્રાન્સપોર્ટ એસોસીએશનની રજુઆતો તથા જાહેરજનતાની સગવડતા તથા વહીવટી અનુકૂળતા જળવાઈ રહે તે હેતુથી સરકારશ્રીએ મુંબઈ મોટર વાહન વેરા નિયમો-૧૯૫૯ ના નિયમ-૮(૩) અન્વયે સંદર્ભમાં દર્શાવેલ નોટીફીકેશન બહાર પાડીને આ વાહનોનો કર ભરવાનો સમયગાળો તા.૧૫-૪-૧૦ સુધી લંબાવેલ છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

બિડાણ:-ઉપર મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના :-

(૧) નાયબ સચિવશ્રી,બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવમો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.
(૨) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના તમામ શાખાઓને જાણ તથા અમલ સારુ.
(૩) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વીમીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદને જાણ સારુ.

:પુરબિયા૪૦: